| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૮–૦૫–૨૦૨૫ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૮–૦૫–૨૦૨૫ |
| ફૈંસલ તારીખ | ૦૮–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૦ ૧૧ ૦૦ |

**રાણાવાવના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.રાણાવાવ**

**ફોજદારી કેસ નં.૩૬૭/૨૦૨૫**
**આંક–**

**ફરીયાદી** : શ્રી સરકાર..

**વિ રૂ ઘ્ધ**

**આરોપી** : **બાધાભાઈ નારણભાઈ કોડીયાતર**
**ઉ.વ.૪૫, રહે.વિજફાડીયાનેશ,**
**તા.રાણાવાવ, જી.પોરબંદર.**

| | | |
|---|---|---|
| **ગુનો** | : | **ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એફ) મુજબ.** |

---

ફરીયાદ પક્ષ........તરફે : વિ.એ.પી.પી.શ્રી જે.એલ.ઓડેદરા.
આરોપીપક્ષ.........તરફે : વિ. વકીલ શ્રી એમ.એ.મંધેરા.

---

**–:: ઠ રા વ ::–**

**(૧). ફરિયાદપક્ષના કેસની હકીકત** એવી છે કે, આરોપીએ તા.૧૨/૦૩/૨૦૨૫ નાં રોજ કલાક ૦૯:૩૦ વાગ્યે બરડા ડુંગરમાં વિજફાડીયાનેશ થી પુર્વે આશરે અડધો કી.મી દુર પાણીની ઝરમાં કાંઠે રાણના ઝાડ નીચે ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી દારૂ બનાવવાનો આથો ભરેલ પ્લાસ્ટીકના ૨૦૦–૨૦૦ લીટરના બેરલ નં.૪, આથો લીટર–૮૦૦ કિં.રૂા.૨૦,૦૦૦/–, આથાની વાસવાળા ૨૦૦–૨૦૦ લીટરના

પ્લાસ્ટીકના બેરલ નં.૨ કિં.રૂા.૮૦૦/– તથા પતરાના ફીલ્ટર બેરલ નં.૨ કિં. રૂા.૮૦૦/– તથા પતરાના ખાલી ડબ્બા નં.૧૫ કિં.રૂા.૭૫/– મળી કુલ કિં. રૂા.૨૩,૨૭૫/– નો મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન હાજર નહીં મળી આવીને ગુનો કરતા, ફરિયાદીએ પ્રોહી.એકટની કલમ–૬૫(એફ) મુજબની ફરિયાદ કરતા આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાના આધારે હાલનાં ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

(૨). આરોપીને સમંસ કરતા તેઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડેલ હતી ત્યારબાદ આરોપી સામે **આંક–૦૪ થી તહોમતનામું** ફરમાવેલ અને **આંક–૦૫ થી આરોપીનો જવાબ લેવામાં** આવેલ તેમા ગુનાનો ઈન્કાર કરેલ તેથી ટ્રાયલ ચલાવવામાં આવેલ.

**(૩). પુરાવો :**– આ કામે ફરિયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

**–: મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| (૧) | ૦૭ | સંજયભાઈ વાલાભાઈ બાબરીયા | ફરીયાદી |
| (૨) | ૦૮ | નિમેષ વિનોદરાય દાવડા | પંચસાહેદ |
| (૩) | ૧૦ | ઈમ્તીયાઝ અજીજભાઈ મલેક | પંચસાહેદ |
| (૪) | ૧૧ | ભીમાભાઈ જીવાભાઈ દાસા | પોલીસ સાહેદ |
| (૫) | ૧૩ | હરદાસભાઈ વરજાંગભાઈ કનારા | ત.ક.અધિકારી |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૮ | અસલ ફરીયાદ |
| (૨) | ૦૯ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ |

| | | |
|---|---|---|
| (૩) | ૧૪ | તપાસનો ડેપ્યુટ હુકમ |
| (૪) | ૧૫ | સેકશન ૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ |
| (૫) | ૧૬ | F.S.L. રીપોર્ટ |

**(૪). વિશેષ નિવેદન :**– ત્યારબાદ આ કામે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં જણાવેલ છે કે તેઓની સામે ખોટું ચાર્જશીટ કરેલ છે. તેઓ કાંઈ જાણતા નથી, તેઓ નિર્દોષ છે, તેઓને ખોટી રીતે ગુનાના કામમાં સંડોવી દીધેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૫). મુદદાઓ :**– ઉપરોકત હકીકતે કેસનાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

**(૧)** શું ફરીયાદપક્ષ સાબિત કરે છે કે, આરોપીએ ગઈ તા.૧૨/૦૩/૨૦૨૫ નાં રોજ કલાક ૦૯:૦૦ વાગ્યે બરડા ડુંગરમાં વિજફાડીયાનેશમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી દારૂ બનાવવાનો આથો લીટર–૮૦૦ કિં. રૂા.૨૦,૦૦૦/– તથા આથાની વાસવાળા પ્લાસ્ટીકના ૨૦૦–૨૦૦ લીટરના બેરલ નં.૪, પતરાના બોઈલર બેરલ તથા પતરાના ખાલી ડબ્બા નં.૧૫ મળી કુલ કિં.રૂા.૨૩,૨૭૫/– નો મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન હાજર નહીં મળી આવીને ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ–૬૫ (એફ) મુજબનો સજા ને પાત્ર ગુન્હો કરેલ છે ?

**(૨)** શું હુકમ ?

**(૬). મુદદા ના જવાબો :**– ઉપરોકત મુદ્દાઓનાં મારાં જવાબો નીચે મુજબ છે.

(૧) નકાર માં,

(૨) ''આખરી હુકમ મુજબ.''

**–: કારણો :–**

**મુદા નં.–૧ ની ચર્ચા :–**

**(૭). પંચસાહેદનો પુરાવો :–** આ કામે પ્રથમ પંચસાહેદોનો પુરાવો ધ્યાને લઈએ તો, આ કામે ફરીયાદપક્ષ તરફે **આંક–૦૮ થી પંચસાહેદ નિમેષ વિનોદરાય દાવડાને તથા આંક–૧૦ થી પંચસાહેદ ઈમ્તીયાજ એજાજભાઈ મલેકને** સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ આંક–૦૯ ના મુદ્દામાલ કબ્જે કર્યાના પંચનામાના પંચસાહેદો છે તેઓએ સરતપાસમાં માત્ર પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલ હતા.

(૮). **ફરીયાદી, પોલીસ સાહેદ તથા ત.ક.અમલદારનો પુરાવો :–**

(૮.૧). આ કામે ફરીયાદપક્ષ તરફે આ કામનાં **ફરીયાદી સંજયભાઈ વાલાભાઈ બાબરીયાને આંક–૦૬** થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને જુબાની દરમ્યાન **આંક–૦૭** થી અસલ ફરીયાદ રજુ રાખેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** પેટ્રોલીંગમાં નિકળ્યા તે તેમને યાદ નથી. બનાવવાળી જગ્યા જંગલ વિસ્તાર છે અને તેની આજુબાજુમાં ઘણા નેશ આવેલા છે અને ત્યાં ઘણા માલધારીઓ વસવાટ કરે છે. કહેવાતી બનાવવાળી જગ્યાએ આરોપીની હાજરી હતી નહીં અને આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મેળવેલ નથી. જયારે તે સિવાયની અન્ય હકીકતોને સદર ફરીયાદીએ ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

(૮.૨). આ કામે **ફરીયાદપક્ષ પોલીસ સાહેદ ભીમાભાઈ જીવાભાઈ દાસાને આંક–૧૧ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ **ફરીયાદીએ તેની ઉલટતપાસમાં જણાવેલી હકીકતો**

**જ જણાવેલ હોય તેથી તેનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી.**

**(૮.૩).** આ કામે ફરીયાદપક્ષ તરફે હાલના ગુનાની **તપાસ કરનાર અમલદાર હરદાસભાઈ વરજાંગભાઈ કનારાને આંક–૧૩** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં તેઓએ તપાસ કરનાર તરીકે કરેલી કાર્યવાહીની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને તપાસનાં અંતે આરોપી સામે પુરતો પુરાવો જણાતા આરોપી સામે ચાર્જશીટ કરેલાની હકીકતો જણાવેલ છે અને જુબાની દરમ્યાન **આંક–૧૪ થી તપાસનો ડેપ્યુટ હુકમ, આંક–૧૫ થી સેકશન ૬૩(૪) (સી) મુજબનું સર્ટીફીકેટ તથા આંક–૧૬ થી F.S.L રીપોર્ટ રજુ** રાખેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં **ત.ક.અમલદારે એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** આ કામે પંચો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી જે કોઈ સાહેદો છે તે પોલીસ સ્ટાફના માણસો છે. તેઓને તપાસ મળ્યા બાદ તેઓ ફરીથી બનાવ વાળા સ્થળે ગયેલ નથી. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર ત.ક. અમલદારે ઉલટતપાસમાં નકારી કાઢેલ છે.

**(૯).** આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવો તથા ફરીયાદી, પોલીસ સાહેદ, ત.ક.અમલદાર તથા પંચસાહેદોની જુબાનીઓ ધ્યાનમાં લેવામાં આવે તો આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં નથી. જયારે આ ફરીયાદી તથા પોલીસ સાહેદે ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા ઘણા નેશ/રહેણાંક વિસ્તાર આવેલ છે અને ત્યાં લોકો વસવાટ કરે છે. આમ, હાલનાં સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં, આંક–૦૯ વાળા પંચનામા મુજબ મુદ્દામાલ દેશી દારૂ બનાવવાનો આથો મળી આવેલ હોવાનું જણાવે છે. જયારે સદરહુ મુદ્દામાલ પંચોની

હાજરીમાં કબજે કરેલ હોવાની હકીકતને સમર્થન મળતુ નથી. આમ, ફરીયાદપક્ષ દ્ધારા રજુ થયેલ ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં, વિશ્વશનીય અને માનવાલાયક જણાતો નથી અને ફરીયાદપક્ષ આરોપીને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી જેથી ફરિયાદપક્ષ મુદ્દા નં.૧ ની હકીકતો વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ લગત ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

આ કામનાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૧(૧) અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એફ) મુજબના શિક્ષાપાત્ર ગુના માંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબ્જે કરેલ મુદ્દામાલ દેશી દારૂના આથાનો સેમ્પલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, આરોપીએ રજુ રાખેલ જામીનને બી.એન.એસ.એસ. એકટની કલમ-૪૮૧ અન્વયે છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૮મી માહે-એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૮-૦૪-૨૦૨૬
સ્થળ : રાણાવાવ.

**(નારાયણ લાલ શર્મા)**
**(UIC No. GJ 01439)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,રાણાવાવ